ચાલુ યોજના
૨૦૨૬-૨૭

(૧) આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ બતક ઉછેર કેન્દ્ર માંડવી,જિ.સુરત તથા હેચરી વિસ્તરણ દાહોદ અને વડોદરાની યોજના ને ચાલુ રાખવા.
(૨) આદિજાતિ લાભાર્થી માટે ૨૫ કડકનાથ/આર.આઈ. આર. પક્ષીના એકમની સ્થાપના પર સહાયની યોજના ને ચાલુ રાખવાની વહીવટી મંજૂરી બાબત.
(૩) આદિજાતિના તાલીમાર્થીઓને તાલીમ સ્ટાઇપેન્ડ આપવાની યોજના
(૪) મરઘાંપાલન તાલીમના વ્યાખ્યાતાઓને માનદ વેતન આપવાની યોજના.
(૫) અનુસુચિત જનજાતીના લાભાર્થીઓ માટે ૧૦૦૦ બ્રોઈલર પક્ષીના ફાર્મની સ્થાપના માટેની સહાયની યોજના.
(૬) અનુસુચિત જનજાતીના લાભાર્થીઓ માટે ૧૦૦ બ્રોઈલર પક્ષીના ફાર્મની સ્થાપના માટેની સહાયની યોજના

ગુજરાત સરકાર,
કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
ઠરાવ ક્રમાંક:ACD/PEF/e-file/2/2024/3769/P1 Section - AH Schemes
સચિવાલય,ગાંધીનગર.

વંચાણે લીધા:
(૧) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક: ACD/PEF/e file/2/2024/3769/P1 **Dt.05/07/2025**
(૨) પશુપાલન નિયામકશ્રી,ગાંધીનગરના પત્ર ક્રમાંક: DOAH/0451/10/2025 Date: 17-10-2025
(3) પશુપાલન નિયામકશ્રી,ગાંધીનગરના પત્ર ક્રમાંક: DOAH/0824/02/2026 Date : 24-02-2026

**આમુખઃ-**

વંચાણે લીધા-(૧)પરના આ વિભાગના તા.૦૫/૦૭/૨૦૨૫ના ઠરાવથી સદરહુ યોજનાને વર્ષ ૨૦૨૫-૨૬ માટે રૂ.ક.૬૭ કરોડની જોગવાઇ સાથે વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા-(૨) પરના પત્રથી પશુપાલન નિયામકશ્રીની કચેરીએ સદરહું યોજના માટે વર્ષ.૨૦૨૫-૨૬માં રૂ. ક.૫૧ કરોડની જોગવાઇ કરવા માટે પૂર્વ અંદાજપત્રીય ચકાસણી દરખાસ્ત અત્રે રજૂ કરેલ. જે બાબતે સદરહું યોજનાની રૂ. ક.૫૧ કરોડની જોગવાઇ કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વર્ષ ૨૦૨૬-૨૭ ના અંદાજપત્ર પ્રકાશન નંબર-૨૪,પાર્ટ (IV) ના પાના નં. TASP–IV ૧૮૧ થયેલ છે. વર્ષ ૨૦૨૫-૨૬ માં સરકારશ્રીના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૦૨/૦૫/૨૦૨૫ ના ઠરાવ ક્રમાંક-ACD/PES/e-file/2/2024/4686/P1 થી અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓ માટે ૧૦૦ બ્રોઈલર પક્ષીના ફાર્મની સ્થાપના માટે સહાયની નવી યોજના (**₹ ૧.૦૮ કરોડ**) ની વહીવટી મંજૂરી મળેલ હતી જેનો વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં ચાલુ બાબત તરીકે સમાવેશ કરવામાં આવેલ છે.

તેથી વંચાણે લીધા-(૩) પરના પત્રથી પશુપાલન નિયામકશ્રીની કચેરી દ્વારા આ યોજનાને વર્ષ: ૨૦૨૬-૨૭માં રૂ.ક.૫૧ કરોડ (અંકે રૂપિયા છ કરોડ એકાવન લાખ પુરા) ના ખર્ચે ચાલુ રાખવાની વહીવટી મંજૂરી મેળવવા અત્રે દરખાસ્ત રજૂ કરેલ છે. જેને મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

: ઠરાવ :

પુખ્ત વિચારણાને અંતે સને ૨૦૨૬-૨૭માં સદરહુ યોજનાને રૂ.ક.૫૧ કરોડ (અંકે રૂપિયા છ કરોડ એકાવન લાખ પુરા)ના ખર્ચે ચાલુ રાખવાની નીચેની શરતોને આધિન મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં | વિગત | રૂ.કરોડમાં |
|---|---|---|
| ૧ | આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ બતક ઉછેર કેન્દ્ર, માંડવી જિ. સુરતની યોજના | ૦.૧૫ |
| ૨ | દાહોદ તેમજ વડોદરા ખાતેની હેચરીનું દ્રઢીકરણ | ૦.૧૯ |
| ૩ | આદિજાતિના ૩૨૦૦ લાભાર્થીઓ માટે ૨૫ આર.આઈ.આર./ કડકનાથ પક્ષીના એકમની સ્થાપના પર સહાયની યોજના. | ૧.૯૨ |
| ૪ | આદિજાતિના તાલીમાર્થી ઓને સ્ટાઈપેન્ડ આપવાની યોજના. | ૦.૬૪ |
| ૫ | મરઘાં પાલન તાલીમના વ્યાખ્યાતાઓ ને માનદ વેતન આપવાની યોજના. | ૦.૦૮ |
| ૬ | અનુસુચિત જન જાતીના લાભાર્થીઓ માટે ૧૦૦૦ બ્રોઈલર પક્ષીના ફાર્મની સ્થાપના માટેની સહાયની યોજના. | ૨.૪૫ |
| ૭ | અનુસુચિત જન જાતીના લાભાર્થીઓ માટે ૧૦૦ બ્રોઈલર પક્ષીના ફાર્મની સ્થાપના માટેની સહાયની યોજના | ૧.૦૮ |
| | કુલ જોગવાઈ | ૬.૫૧ |

**શરતો અને બોલીઓઃ-**

1. પ્રસ્તુત યોજનાનો ખર્ચ તા.૦૧.૦૪.૨૦૨૬ થી કરવાનો રહેશે.
2. નિયમિત પગાર ધોરણની જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

3. આઉટસોર્સથી સેવા લેવા અંગેની વહીવટી મંજુરી મળ્યા બાદ નિયત માન્ય આઉટસોર્સીંગ એજન્સી મારફત લેવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
4. આઉટસોર્સની જગ્યાઓની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે લેવાની રહેશે . સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યાર બાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. વધુ સમય માટે આ સેવા નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મંજુરીની અપેક્ષાએ કે પાશ્ચાત્ય વર્તી અસરથી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઇપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.
5. વિભાગે ડ્રાઈવર અને વર્ગ-૪ ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગનાતા. ૧/૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં આઉટસોર્સીંગથી કરાવવાની રહેશે.
6. વિભાગે રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટ્સોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારા, ઇપીએફ, ટીડીએસ , સર્વીસ ટેક્ષ , GST, સર્વિસ ચાર્જ અન્ય ચુકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો / કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.
7. એજન્સી દ્વારા નિયમિત મહેનતાણુ નિયત થયા મુજબ પુરેપુરુ ચુકવે તે અંગે સંબંધિત વિભાગે યોગ્ય મોનીટરિંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલા લેવાની જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.
8. મહેનતાણાના દરો કેંદ્રીય યોજના હેઠળ નિયત થયેલ હોય કે સેવા સંબંધિત વિભાગના પરામર્શમાં નિયત કરી તેના આધારો સાથે નાણાવિભાગની પૂર્વ મંજુરી મેળવી ચુકવવાના રહેશે. તેમજ નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મહેંન્તાણાના દરોમાં કોઇ વધારો કરવાનો રહેશે નહી.
9. આઉટસોર્સથી સેવા મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.
10. આઉટસોર્સ જો કોઈ કેન્દ્ર સહાયિત યોજના હેઠળ લેવાની થતી હોય તો તે અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ મેળવીને જ કરવાનો રહેશે. રાજ્ય સરકારના ફંડમાંથી ખર્ચ ઉધારવાનો રહેશે નહિ.
11. સીધી ભરતી / બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટસોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.
12. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
13. ગુજરાત સરકારના ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉધોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
14. કરાર આધારીત સેવાઓ લેવા અંગેની વહીવટી મંજુરી મળ્યા બાદ નિયત કાર્યપદ્ધતિને અનુસરી ભરવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
15. કરાર આધારીત સેવાઓ ૧૧ માસ માટે લેવાની રહેશે. સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યાર બાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. તેના થી વધુ સમય માટે આ સેવા પૂર્વ મંજુરી સિવાય મંજુરીની અપેક્ષાએ કે પાશ્ચાત્ય વર્તી અસરથી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઇપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.
16. કરાર આધારીત સેવાઓ મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.
17. કરાર આધારીત સેવાઓ જો કોઈ કેન્દ્ર સહાયિત યોજના હેઠળ લેવાની થતી હોય તો તે અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ મેળવીને જ કરવાનો રહેશે. રાજ્ય સરકારના ફંડમાંથી ખર્ચ ઉધારવાનો રહેશે નહિ.
18. આ યોજના હેઠ્ળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી વિભાગે રાખવાની રહેશે.
19. આ યોજનાનો અમલ નોડલ એજન્સી મારફતે કરવાનો રહેશે.
20. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
21. ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
22. નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.
23. આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.
24. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.
25. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
26. Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
27. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં

વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

28. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
29. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
30. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
31. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.
32. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
33. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
34. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનુ ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનું રહશે અને સને ૨૦૨૬-૨૭ના બજેટમાં થયેલ જોગવાઇ રૂ.ક.૫૧ કરોડ (અંકે રૂપિયા છ કરોડ એકાવન લાખ પુરા)ને આધીન રહી ખર્ચ કરવાનો રહેશે. અને તે સદરે માન્ય રહેલ જોગવાઇમાં થી મેળવવાનો રહેશે.
(અંદાજપત્ર પ્રકાશન નંબર-૨૪ ભાગ- IV ના TASP-IV પાના નંબર-૧૮૧ પર સુચવેલ છે.)

| | | |
|---|---|---|
| માંગણી નંબર | : | ૯૬ |
| સેકટર | : | ગ- આર્થિક સેવાઓ |
| સબ સેકટર | : | (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ |
| મુખ્ય સદર | : | ૨૪૦૩-પશુપાલન |
| ગૌણ સદર | : | ૭૯૬ - આદિજાતિ વિસ્તાર પેટા યોજના |
| પેટા સદર | : | (૪) ઘનિષ્ઠ મરઘાં વિકાસ કાર્યક્રમો |

નાણાં વિભાગ અને વિભાગની બજેટ શાખા મારફતે ગ્રાન્ટના હુકમો કરવામાં આવે, તદ્દઅનુસાર પશુપાલન નિયામકશ્રીએ ખર્ચ કરવાનો રહેશે. જેમાં નાણાં વિભાગની વખતો વખતની સુચનાઓને પણ ધ્યાને લઇ કરકસરપૂર્વક ખર્ચ કરવાની કાળજી રાખવાની રહેશે.

+

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઇલ પર નાણાં સલાહકારશ્રી(કૃષિ) તથા સચિવશ્રી(પ.પા.)ની તા.૦૧/૦૪/૨૦૨૬ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

પ્રિયંકા ચૌધરી
સેકશન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

બિડાણઃ- પરિશિષ્ટ-૧ થી ૫

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી, કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,,સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(કૃષિ),નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- પશુપાલન નિયામકશ્રી,પશુપાલન નિયામકની કચેરી,કૃષિભવન,ગાંધીનગર.
- ઉપમહાલેખાકારશ્રી(ES-૧),એકાઉન્ટ જનરલ, અમદાવાદ(E&RS Audit )ગુજરાત,ત્રીજો માળ,ઓડીટ ભવન,નવરંગપુરા,અમદાવાદ-૩૮૦૦૦૯
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, (એ.એન્ડ ઇ) અમદાવાદ/ રાજકોટ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- મરઘાં વિકાસ શાખા, પશુપાલન નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની બજેટ શાખા, બ.૧, પી-૨, અ અને નાણાં શાખા.
- પસંદગી ફાઇલ
- સેકશન અધિકારીશ્રી (આઈ.ટી. સેલ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ (ઠરાવ વિભાગની વેબસાઈટ પર મુકવાની વિનંતી સહ)

## પરિશિષ્ટ -૧

**આદિજાતિના મરઘાંપાલક તાલીમાર્થીઓને સ્ટાઈપેન્ડ આપવાની યોજનાની શરતો અને બોલીઓ**

(૧) આ યોજનાનો લાભ ગુજરાત રાજયના આદિજાતિના લાભાર્થીઓને જ આપવાનો રહેશે તથા એક કુટુંબના એક જ સભ્યને આજીવન એક જ વખત લાભ આપી શકશે. સદર યોજના હેઠળ મહિલા લાભાર્થીઓને પ્રાધાન્ય આપવાનું રહેશે.

(૨) આઈ-ખેડૂત પર ઓનલાઈન અરજી કરી લાભાર્થીએ સંબંધિત ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક/જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર ખાતે મરઘાં પાલનની તાલીમ મેળવવાની રહેશે અને તાલીમ સ્ટાઈપેન્ડની સહાયનું ઓનલાઈન ચુકવણું સંબંધિત કચેરીએ કરવાનું રહેશે.

(3) લાભાર્થીએ જાતિ અંગેનું પ્રમાણપત્ર અરજી સાથે રજુ કરવાનું રહેશે.

(૪) ૬ દિવસની મરઘાં પાલન તાલીમ લીધેલ તાલીમાર્થીને કુલ રૂપિયા ૨૦૦૦ સહાયની રકમ DBT મારફતે લાભાર્થીના ખાતામાં સીધી ચુકવણી કરવાની રહેશે.

(૫) મરઘાં પાલન તાલીમ પૂર્ણ થયા બાદ તાલીમાર્થીને ફોટા સહીતનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

(૬) મરઘાં પાલનના તાલીમના સમયગાળા દરમ્યાન તાલીમાર્થીઓની હાજરીનું હાજરી પત્રક નિભાવવાનું રહેશે

**આદિજાતિના લોકોને ૨૫ આર.આઇ.આર/ કડકનાથ પક્ષીનું એકમ સહાયથી આપવાની યોજનાની શરતો અને બોલીઓ**

૧ આ યોજનાનો લાભ ગુજરાત રાજ્યના આદિજાતિના લાભાર્થીઓને જ આપવાનો રહેશે તથા એક કુટુબના એક જ સભ્યને આજીવન એક જ વખત લાભ આપી શકાશે.

૨ આ યોજનાનો લાભ જે તે નાણાંકીય વર્ષમાં મરઘાંપાલન તાલીમ મેળવેલ લાભાર્થીઓને જ આપવાનો રહેશે.

૩ આ યોજના હેઠળ ૨૫ આર.આઈ.આર / કડકનાથ પક્ષી એકમના સહાયના ખર્ચની સંબંધિત વિભાગીય સંયુકત પશુપાલન નિયામકશ્રીની નાણાંકીય મંજુરી મેળવવાની રહેશે.

૪ આ યોજના હેઠળ લાભાર્થીને ૭૫% સહાય મુજબ ૬ થી ૮ અઠવાડીયાના ઉછેરેલ આરઆઇ.આર/કડકનાથ પક્ષી તથા ગ્રોવર મેશ (મરઘાં આહાર) આપવાના રહેશે .જ્યારે લાભાર્થીએ ૨૫% ફાળા તરીકે રાત્રી રક્ષણ માટે ખુડો કે વાંસનો ટોપલો અને ખોરાક પાણીના સાધનો લાવવાના રહેશે

૫ ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક/જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર દ્વારા યુનિટના પક્ષીઓમાં રસીકરણ સમયસર કરાવવાનુ રહેશે.

૬ યુનિટના પક્ષી બિમાર પડે કે તરત જ ઘટકના અધિકારીની સારવાર મેળવવાની રહેશે

૭ ૨૫ આર.આઇ.આર/કડકનાથ પક્ષીનું એકમ સામાન્ય સંજોગોમાં ૨ વર્ષ માટે નિભાવવાનુ રહેશે

૮ બચ્ચાંના પરિવહન તથા મરઘાં આહારના પરિવહન માટે વાહન આઉટસોર્સથી કે અન્ય રીતે રાખવા અંગેની જરૂરી સૈધ્ધાંતિક તથા નાણાંકીય મંજુરી જે-તે વિભાગીય સંયુકત પશુપાલન નિયામકની કચેરી કક્ષાએથી મેળવી પરિવહન ખર્ચ કરવાનો રહેશે.

૯ સદરહું યોજનાના અમલીકરણ જીવંત પક્ષીઓ સાથે સંકળાયેલ હોય સંબંધિત વિભાગીય સંયુકત પશુપાલન નિયામકશ્રીની પૂર્વ મંજુરી મેળવી યોજનાની ગ્રાન્ટ ઘ.મ.વિ.ઘ./જિ.મ.વિ.કે.ના PLA એકાઉન્ટનો ઉપયોગ કરી ખર્ચ કરી શકાશે.

૧૦ સરકારી અધિકારી જ્યારે ફાર્મની મુલાકત લે ત્યારે આવક-ખર્ચનો હિસાબ બતાવવાનો રહેશે.

૧૧ આઉટસોર્સની જગ્યાઓને જગ્યાઓની મંજુરી તરીકે ગણવાની રહેશે નહી. જરૂરીયાત મુજબ બજેટની મર્યાદામાં ઘમવિઘ તથા જિ.મ.વિ.કે. યોજનાકીય કામગીરી જેવી કે પક્ષી ઉછેર ( માવજત, દેખરેખ) અર્થે ૨૦૦૦ પક્ષી દીઠ ૦૩ (ત્રણ) લેબર (મજુર) આઉટસોર્સથી રાખી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ખર્ચ કરી શકાશે

**આદિજાતિના લોકોને ૨૫ કડકનાથ/આર.આઇ.આર પક્ષીનું એકમ સહાયથી આપવાની યોજનાનો ઢાંચો**

(રકમ રૂપિયા)

| અ.નં | વિગત | એકમનો કુલ ખર્ચ | સરકારશ્રીની સહાય | લાભાર્થીનો ફાળો |
|---|---|---|---|---|
| ૧ | આઠ અઠવાડિયા સુધી ઉછરેલ ૨૫ આર.આઇ.આર./કડકનાથ પક્ષીનો પરિવહન ખર્ચ તથા ઉછેર ખર્ચ | ૩૨૫૦ | ૩૨૫૦ | ૦ |
| ૨ | એકમ સાથે આપવાનો મરઘા આહાર | ૨૭૫૦ | ૨૭૫૦ | ૦ |
| ૩ | રાત્રી રક્ષણ માટે મરઘાનો ખુડો કે વાંસનો ટોપલો અને ખોરાક પાણીના સાધનો | ૨૦૦૦ | ૦ | ૨૦૦૦ |
| | કુલ | ૮૦૦૦ | ૬૦૦૦ | ૨૦૦૦ |

આમ આ યોજના હેઠળ કુલ એકમ ખર્ચ રૂ. ૮૦૦૦/-ના ૭૫ % લેખે રૂ. ૬૦૦૦/- સહાય આપવાની રહેશે જ્યારે એકમનો ૨૫% ખર્ચ રૂ. ૨૦૦૦/- લાભાર્થીએ પોતાના ફાળા તરીકે ભોગવવાનો રહેશે.

## પરિશિષ્ટ-૨

**અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓ માટે ૧૦૦૦ બ્રોઈલર પક્ષીના ફાર્મની સ્થાપના માટેની સહાયની યોજનાની શરતો અને બોલીઓ**

1. આ યોજનાનો લાભ ગુજરાત રાજ્યના અનુસુચિત જન.જાતિના લાભાર્થીઓને જ આપવાનો રહેશે તથા એક કુંટુંબના એક જ સભ્યને આજીવન એક જ વાર યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.
2. લાભાર્થીના કુંટુંબના કોઈપણ સભ્ય દ્વારા આ અગાઉ સરકારશ્રીની અન્ય સમાન પ્રકારની કોઈપણ યોજનામાંથી લાભ મેળવેલ હોય તો આ યોજના હેઠળ લાભ મેળવવા માટે પાત્ર ગણી શકાશે નહિ .
3. ઉકત યોજનાનો લાભ ફક્ત નવા મરઘાં ફાર્મની સ્થાપના માટે જ આપવાનો થતો હોય અગાઉ બનાવેલ અથવા જુના મરઘાં ફાર્મ શેડનું બાંધકામ માન્ય રાખવામાં આવશે નહિ.
4. લાભાર્થીએ જાતિ અંગેના સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્રો અરજી સાથે રજુ કરવાના રહેશે.
5. લાભાર્થીએ કોઈપણ સંસ્થા ખાતેથી મરઘાપાલન વ્યવસાય અંગેની તાલીમ મેળવેલ હોવી જોઇએ, તથા ઘ.મ.વિ.ઘ./જિ.મ.વિ.કે. દ્વારા તમામ તાંત્રિક માર્ગદર્શન આપવાનું રહેશે.
6. લાભાર્થીએ પોતાની માલિકીની જમીનના (૭-૧૨ અને ૮-અ),વારસાઈ હક અથવા ભોગવટાની જમીનના આધાર પુરાવા રજુ કરવાના રહેશે.તદ્પરાંત લાભાર્થી જમીન ધરાવતા ન હોય તો  ભાડાની જમીનમાં ઓછામાં ઓછા પાંચ(૫) વર્ષના ભાડા કરાર કરી મરઘાં ફાર્મ શેડનું બાંધકામ કરી શકશે.
7. લાભાર્થીએ જે જગ્યા પર મરઘા ફાર્મની સ્થાપના કરવા માંગતા હોય તે જગ્યાનો GI tagging photograph (અક્ષાંશ/રેખાંશ સાથેનો) અરજી સાથે રજુ કરવાનો રહશે.
8. ૧૦૦૦ બ્રોઈલર મરઘાં ફાર્મની સ્થાપના લાભાર્થીએ -૫૦૦ મીટર માનવ વસાહતથી દુર,-૧૦૦ મીટર નદી,તળાવ,કેનાલ,કુવા, વિગરે જળપ્લાવિત વિસ્તારથી દુર,-૧૦૦ મીટર રાષ્ટ્રીય ધોરી માર્ગ,૫૦ મીટર રાજય ધોરી માર્ગ તથા ૧૦-૧૫ મીટર ગ્રામ્ય રસ્તા/આંતરિક રસ્તા/પગદંડીથી દુર મરઘાં ફાર્મની સ્થાપના કરવાની રહશે,જેની ખરાઈ સબંધિત ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક/જિલ્લા મરઘા વિસ્તરણ કેન્દ્ર દ્વારા કરવાની રહેશે.
9. લાભાર્થી ઓનલાઇન અરજીની પ્રિન્ટઆઉટ સાથે બિડાણ માટેના સાધનિક દસ્તાવેજો/દાખલાઓ સ્કેન કરી ઓનલાઇન આઇ- ખેડૂત પોર્ટલ ઉપર એટેચ કરી શકે છે અથવા ઓનલાઇન અરજીની પ્રિન્ટ આઉટ સાથે બિડાણ કરી અરજી પર દર્શાવેલી ઓફિસ/ કચેરીના સરનામે નિયત સમયમર્યાદામાં રજુ કરવાના રહેશે.
10. યોજના અંતર્ગત અરજીઓ આઇ- ખેડૂત પોર્ટલ પર કરવાની રહેશે.આઇ- ખેડૂત પોર્ટલ પર નિયત સમયમર્યાદામાં મળેલ અરજીઓને ઘ.મ.વિ.ઘ./જિ.મ.વિ.કે.ના નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રી દ્વારા ઇનવર્ડ કરી અરજીઓની પાત્રતા **(Eligibility)**ની કામગીરી કરવાની રહેશે. ત્યાર બાદ ઉક્ત એલીજીબલ થયેલ અરજીઓની સંખ્યાના આધારે તથા જે તે જિલ્લાના ભૌતિક લક્ષ્યાંકની મર્યાદાને ધ્યાને લઇ પશુપાલન નિયામકશ્રી દ્વારા નિયત કરેલ પધ્ધતિથી જ આઇ- ખેડૂત પોર્ટલ ઉપર સંબંધિત જિલ્લાના વિભાગીય સંયુકત પશુપાલન નિયામકશ્રી દ્વારા પાત્રતા ધરાવતી અરજીઓને મંજુર **(Sanction)** કરવાની રહેશે. મંજુરી**(Sanction)** મળ્યા બાદ લાભાર્થી દ્વારા પ્રથમ તબક્કામાં કરેલ બાંધકામની કામગીરી **(Milestone-1)** પૂર્ણ કર્યા બાદ સંબંધિત જીલ્લાના ઘ.મ.વિ.ઘ./જિ.મ.વિ.કે.ના નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રી દ્વારા સ્થળ ચકાસણી **(Verification-1)** કરવાની રહેશે. ત્યારબાદ લાભાર્થી દ્વારા દાવો-૧ **(Claim Submit-1)** રજુ કર્યેથી દાવો યોગ્ય હોય તો સત્વરે પ્રથમ તબક્કા(અનાવર્તક ખર્ચની સહાય)ની નાણાકીય મંજુરીની **(Payment Order-1)** કામગીરી સંબંધિત જીલ્લાના ઘ.મ.વિ.ઘ./જિ.મ.વિ.કે.ના નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રી દ્વારા કરવાની રહેશે અને નિયત ઢાંચા મુજબ પ્રથમ તબક્કા(અનાવર્તક ખર્ચ)ની સહાયની રકમ ₹ ૩,૬૦,૦૦૦/- ની મર્યાદામાં  ચુકવવાની રહેશે.
    લાભાર્થી દ્વારા બીજા તબક્કામાં આવર્તક ખર્ચ પેટે સહાય મેળવવા કુલ: ૦૩ બેચનો ઉછેર (એક દિવસના બચ્ચા , મરઘાં આહાર, અને દવા ખરીદી) **Milestone-2** પૂર્ણ કરવાનો રહેશે. જેની બેચવાર સ્થળ ચકાસણી સંબંધિત જીલ્લાના ઘ.મ.વિ.ઘ./જી.મ.વિ.કે. દ્વારા કરવાની રહેશે. ત્યારબાદ લાભાર્થી દ્વારા દાવો-૨ **(Claim Submit-2)** રજુ કર્યેથી કુલ: ૦૩ બેચના ખર્ચના બીલોની બીજા તબક્કા**(Payment Order-2)**ની સહાય રૂ. ૪,૫૫,૦૦૦/-ની મર્યાદામાં સંબંધિત જીલ્લાના ઘ.મ.વિ.ઘ./જી.મ.વિ.કે. દ્વારા ચુકવવાની રહેશે.
11. એક દિવસના બ્રોઈલર પક્ષીના ચીક્સ તથા મરઘાં આહારના બજાર ભાવમાં સતત વધારો-ઘટાડો થતો હોય,વર્તમાન બજાર ભાવ પ્રમાણેના યોજનાનાં ઢાંચા મુજબ ચીક્સ અને મરઘાં આહારની ખરીદી કરેલ હશે તો માન્ય ગણવામાં આવશે.
12. આ યોજના હેઠળ લાભાર્થીએ પ્રથમ ૧૫૦૦ ચો. કુ. ક્ષેત્રફળ ધરાવતો મરઘાં ફાર્મનો શેડ પક્ષીઓને ગરમી,વરસાદ,ઠંડી અને વાવાઝોડા સામે રક્ષણ મળી રહે તે મુજબનો ઘટકના અધિકારીની સુચના મુજબ મરઘાં ફાર્મનો શેડનું નવું પાકું બાંધકામ (પરિશિષ્ટ-૪ મુજબ) કરી તૈયાર કરવાનો રહેશે.ફાર્મ ખાતે પક્ષીઓને ડીપ લીટર વ્યવસ્થામાં પૂરતી જગ્યા આપી રાખવાના રહેશે. મરઘા ફાર્મ માટે જરૂરી ખોરાક પાણીના વાસણો યોજનાના ઢાંચા મુજબ વસાવવાના રહેશે.
13. આ યોજના હેઠળ ૧૦૦૦ બ્રોઇલર પક્ષીના બચ્ચાં(ચીક્સ), જરૂરી મરઘા આહાર કુલ ત્રણ(૩) બેચ માટે લાભાર્થીએ લાવવાના રહેશે. કુલ ત્રણ(૩) બેચની સહાયની રકમ લાભાર્થીને મળવાપાત્ર થશે,બાકીની બેચ(ચીક્સ+મરઘાં આહાર+દવા) લાભાર્થીએ સ્વખર્ચે લાવી આત્મનિર્ભર થવાનું રહશે.
14. આ યોજના હેઠળ મંજુરી મળ્યા બાદ લાભાર્થીએ પ્રથમ તબક્કામાં ૧૫૦૦ ચો.ફુટ.  મરઘા ફાર્મ બાંધકામ અને અન્ય સાધન ખરીદી **(Milestone-1)** ૯૦ દિવસમાં પૂર્ણ કરી તે અંગેના ખર્ચના બીલો, GI tagging photograph (અક્ષાંશ/રેખાંશ સાથેનો) યોજનાના ઢાંચા મુજબના અન્ય સાધનિક કાગળો સાથેનો દાવો રજુ કરવાના રહેશે.
15. સહાય ની રકમ **DBT (Direct Benefit Transfer)** થી લાભાર્થીના ખાતામાં સીધી જ ચુકવણી કરવાની રહેશે અને લાભાર્થીએ બેંક ખાતાને આધાર કાર્ડ નંબર સાથે જોડવાના (લિંક) રહશે, કોઈપણ સંજોગોમાં રોકડ સહાય ચુકવવાની રહેશે નહિ.
16. મરઘાફાર્મના પક્ષીઓમાં રસીકરણ સમયસર કરાવવાનુ રહેશે. જેની તકેદારી સંબંધિત ઘટકના અધિકારી/કર્મચારી દ્વારા રાખવાની રહેશે. મરઘાફાર્મના પક્ષી બિમાર પડે તો લાભાર્થીએ તુંરતજ ઘ.મ.વિ.ઘ./જિ.મ.વિ.કે.નો સંપર્ક કરી સારવાર મેળવવાની રહેશે.
17. બીજા તબક્કાની કામગીરી પૂર્ણ થયા બાદ લાભાર્થીનો પક્ષી યુનિટ સાથે GI tagging photograph (અક્ષાંશ/રેખાંશ સાથેનો) ફોટો સંબંધિત ઘ.મ.વિ.ઘ./જિ.મ.વિ.કે.એ લેવાનો રહેશે અને લાભાર્થીએ મરઘાં ફાર્મ બાંધકામનાં સ્થળે વાંચી શકાય તેવી રીતે સાઈન બોર્ડ લગાવી તેમાં નીચે જણાવેલ વિગતો પ્રદર્શિત કરવાની રહેશે યોજનાનું નામ:અનુસુચિત.જન.જાતિના લાભાર્થી માટે ૧૦૦૦ બ્રોઈલર પક્ષીના ફાર્મની સ્થાપના મરઘાં ફાર્મ માટે સહાયની યોજના "પશુપાલન ખાતું, ગુજરાત રાજય વર્ષ:......લાભાર્થીનું નામ:.......પ્રોજેકટ ખર્ચ........સહાયની રકમ........
18. લાભાર્થીએ યોજનાના ઘટકની નિભાવણીની નિયત સમયમર્યાદા દરમ્યાન જ્યારે પણ ખાતાના અધિકારીશ્રીઓ દ્વારા મુલાકાત લેવામાં આવે ત્યારે ખર્ચ અને આવક તેમજ ઉત્પાદનની વિગતો અંગેના આધારો બતાવવાના રહેશે.
19. સદર બ્રોઇલર પક્ષીનુ એકમ લાભાર્થીએ ઓછામાં ઓછા ત્રણ(૩) વર્ષ સુધી નિભાવવાનું રહેશે.
20. લાભાર્થી દ્વારા મરઘાં ફાર્મનું બાંધકામની કામગીરી પૂર્ણ કરી પ્રથમ તબક્કાની સહાય મેળવેલ હોય, પરંતુ કોઇ અનિવાર્ય સંજોગોમાં લાભાર્થી બીજા તબક્કાની કામગીરી જે તે નાણાકીય વર્ષમાં પૂર્ણ કરી શકે તેમ ન હોય તો આવા લાભાર્થીઓને આગામી નાણાકીય વર્ષના બજેટ જોગવાઇમાંથી સહાય ચુકવી શકાશે.
21. યોજના હેઠળના સુચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામનો ખર્ચ MNREGA યોજના  હેઠળ conversion  કરાવવાનો રહેશે


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

**૧૦૦૦ બ્રોઈલર પક્ષીના ફાર્મની સ્થાપના માટે ઘટકવાર ખર્ચની વિગતો તથા ઢાંચો.**

| ઘટકવાર ખર્ચની વિગત | ખર્ચ (રૂપિયા) |
|---|---|
| **અનાવર્તક ખર્ચ** | |
| ૧૫૦૦ ચો. ફુટ (૩૦X૫૦) શેડ બાંધકામ | ૩,૭૫,૦૦૦/- |
| સાધન ખરીદી (ઈલેક્ટ્રીક બ્રુડર ૨ નંગ, ચીક ફીડર ૨૦ નંગ, ચીક ડ્રીન્કર ૨૦ નંગ, એડલ્ટ ફીડર-૧૮ નંગ, એડલ્ટ ડ્રીન્કર ૧૮ નંગ) | ૨૫૦૦૦/- |
| **કુલ** | **૪,૦૦,૦૦૦/-** |
| **આવર્તક ખર્ચ** ( કુલ: ૦૩ બેચ માટે) (૧ બેચ: ૧૦૨૦ પક્ષી) | |
| એક દિવસના બચ્ચાં ખરીદી | ૯૨,૦૦૦/- |
| મરઘાં આહાર | ૪,૦૦,૦૦૦/- |
| અન્ય ખર્ચ(દવા વિગેરે) | ૧૪૦૦૦/- |
| **કુલ** | **૫,૦૬,૦૦૦/-** |
| **એકમ સ્થાપના માટેનો કુલ ખર્ચ (આવર્તક+અનાવર્તક)** | ૯,૦૬,૦૦૦/- |

આમ, ૧૦૦૦ બ્રોઇલર ફાર્મના એક એકમની સ્થાપના માટે થનાર ખર્ચ કુલ: રૂ. ૯,૦૬,૦૦૦/- ના ૯૦% લેખે મહત્તમ રૂ.૮,૧૫,૦૦૦/- સહાય મળવાપાત્ર રહેશે અને આ સહાય સિવાયનો બાકીનો એકમ ખર્ચ લાભાર્થીએ ભોગવવાનો રહેશે. અનાવર્તક ખર્ચ માટે મહત્તમ સહાય રૂ.૩,૬૦,૦૦૦/- અને આવર્તક ખર્ચ માટે મહત્તમ સહાય રૂ.૪,૫૫,૦૦૦/- મળવાપાત્ર રહેશે.

**પરિશિષ્ટ-૩**

**અનુસુચિત જન.જાતિના લાભાર્થીઓ માટે ૧૦૦૦ બ્રોઈલર પક્ષીના ફાર્મની સ્થાપના માટે સહાય યોજનાના અમલીકરણ માટેના નિયત નમૂના**

**ભાગ-૧ (અરજીનો નમૂનો)**

નામ:-

ગામ:- તાલુકો : જિલ્લો :

તારીખ:- / /

પ્રતિ,
નાયબ / મદદનીશ પશુપાલન નિયામકશ્રી,
ધનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક/જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર ,……………..

વિષય:- અનુસુચિત જન.જાતિના લાભાર્થીઓ માટે ૧૦૦૦ બ્રોઈલર પક્ષીના ફાર્મની સ્થાપના માટે સહાય મેળવવા માટેની અરજી કરવા બાબત.

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે હું નીચે સહી કરનાર ....................................................................................................ગામ:-.......................... તાલુકો......................જિલ્લો........................ નો રહેવાસી છું. મે મરઘાંપાલન વ્યવસાય અંગેની તાલીમ તા.________ થી તા. _________ દરમ્યાન મેળવેલ છે. મારી પાસે પોતાની માલિકીની જમીન / વારસાઈ હક અથવા ભોગવટાની જમીન / ભાડા કરાર પરની જમીન ........................................................................ ગામ:-.................... તાલુકો..................... જિલ્લો........................ ખાતે છે. જેના પર ૧૦૦૦ બ્રોઈલર પક્ષીના ફાર્મની સ્થાપના કરી અનુસુચિત જન.જાતિના લાભાર્થીઓ માટે ૧૦૦૦ બ્રોઈલર પક્ષીના ફાર્મની સ્થાપના માટે સહાયની યોજના અંતર્ગત સહાય મેળવવા માંગુ છું. મારો બારકોડેડ રેશનકાર્ડ નં..……………………………છે, મારો .............…………… બેંકમાં ખાતા નંબર…………………………………(બેંક એકાઉન્ટ નંબર) છે તથા મારો મોબાઇલ નંબર..................................છે.

હું પશુપાલન ખાતાની અનુસુચિત જન.જાતિના લાભાર્થીઓ માટે ૧૦૦૦ બ્રોઈલર પક્ષીના ફાર્મની સ્થાપના માટે સહાયની યોજના હેઠળ સહાય મેળવવા અરજી કરું છું. જે માટે અરજી સાથે નીચે જણાવેલ દસ્તાવેજો/દાખલા સામેલ રાખી સાદર કરેલ છે. તેમજ યોજના હેઠળની તમામ શરતો અને બોલીઓથી હું વાકેફ છું. તો અરજી મંજુર રાખવા વિનંતિ છે.

હું મારો આધાર નંબર આપના ખાતાની યોજના અંતર્ગત મળવાપાત્ર યોજનાકીય લાભો મેળવવાના તથા રજિસ્ટ્રેશન કરાવવાના હેતુસર આપના ખાતા દ્વારા ઉપયોગમાં લેવા અંગે સંમતિ આપુ છું.

અરજીકર્તાની સહી.......

*સામેલ:*

૧. બારકોડેડ રેશનકાર્ડની નકલ (અરજી સાથે રજૂ કરવું)
૨.જન્મ તારીખ સાથેના સરકાર માન્ય ફોટાવાળા ઓળખપત્રની નકલ (આધાર કાર્ડ/મતદાર ઓળખકાર્ડ/ડ્રાઈવિંગ લાયસન્સ/પાસપોર્ટ)
૩. શૈક્ષિણક લાયકાતનું પ્રમાણપત્ર
૪. બેંક પાસબુકની નકલ અથવા રદ કરેલ ચેક
૫. આધાર કાર્ડની નકલ
૬. અનુસુચિત જન.જાતિ અંગેના સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર

૭. મરઘાંપાલન વ્યવસાયની તાલીમનું પ્રમાણપત્ર
૮. પોતાની માલિકીની જમીનના (૭-૧૨ અને ૮-અ), વારસાઈ હક અથવા ભોગવટાની જમીનના આધાર પુરાવા / જો લાભાર્થી જમીન ધરાવતા ન હોય તો ભાડાની જમીનમાં ઓછામાં ઓછા પાંચ (૫) વર્ષના ભાડા કરાર
૯. જે જગ્યા પર મરઘા ફાર્મની સ્થાપના કરવા માંગતા હોય તે જગ્યાનો GI tagging photograph (અક્ષાંશ/રેખાંશ સાથેનો) - કોઈપણ જાતના બાંધકામ વગરનો
૧૦. લાભાર્થીના(૧૦%) ફાળાની રકમ પુરાવા અર્થે બેન્ક એકાઉન્ટ સ્ટેટમેન્ટ(૧૦% ફાળાની રકમનુ બેન્ક બેલેન્સ દર્શાવતુ હોય)/ પશુપાલન KCC/ બેન્ક લોન

નોધ : અરજદારે સહી કરેલ અરજી અને અરજીમાં દર્શાવેલ સ્વપ્રમાણિત દસ્તાવેજો જે તે ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક/જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર ખાતે અરજી કર્યાના ૭ દિવસમાં રૂબરૂ પહોચાડવાના રહેશે / સહી કરેલ અરજી અને અરજીમાં દર્શાવેલ સ્વપ્રમાણિત દસ્તાવેજો લાભાર્થી સ્કેન કરી I Khedut Portal ઉપર અપલોડ કરી શકશે.

**-: ભાગ-૨ (યોજના હેઠળની સહાયની અરજી માટે ભલામણ):-**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે અરજદારશ્રી__________________________ ________________ ગામ________________ તા.________________ જી................................ની અનુસુચિત જન.જાતિના લાભાર્થીઓ માટે ૧૦૦૦ બ્રોઈલર પક્ષીના ફાર્મની સ્થાપના માટે સહાયની યોજના હેઠળ સહાયની માંગણી મુજબની અરજી સબબ તમામ વિગતો ચકાસવામાં આવી છે. આ અગાઉ સદરહુ યોજના કે સરકારશ્રીની સંલગ્ન સમાન હેતુવાળી અન્ય કોઈ યોજનામાં અરજીકર્તાએ લાભ લીધેલ નથી અને યોજનાના ઠરાવની શરતો-બોલીઓ મુજબ અરજદાર સહાય મેળવવા પાત્રતા ધરાવે છે / ધરાવતા નથી (પાત્રતા ધરાવતા ન હોય તેવા કિસ્સામાં કારણો).

**સ્થળ :**

તારીખ : / / નાયબ / મદદનીશ પશુપાલન નિયામક,

ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક/જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર ....................

..........................................................................................................

**-: ભાગ-૩ (યોજના હેઠળની સહાયની અરજી મંજૂર કર્યાનો આદેશ/હુકમ):-**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે અરજદારશ્રી__________________________ ________________ ગામ________________ તા.________________ જી................................ની અનુસુચિત જન.જાતિના લાભાર્થીઓ માટે ૧૦૦૦ બ્રોઈલર પક્ષીના ફાર્મની સ્થાપના માટે સહાયની યોજના હેઠળ સહાયની માંગણી મુજબની અરજી સબબ તમામ વિગતો ચકાસવામાં આવી છે અને તેઓ સહાય મેળવવા પાત્રતા ધરાવતા હોઈ તેઓની અરજી મંજુર કરવામાં આવે છે.

**સ્થળ :**

**તારીખ :** / / વિભાગીય સંયુકત પશુપાલન નિયામક,

....................

..........................................................................................................

**ભાગ-૪ Claim Submit-1**

..........................................................................................................

**-: ભાગ-૫ ચકાસણી પત્ર -૧ (Verification-1):-**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે અનુસુચિત જન.જાતિના લાભાર્થીઓ માટે ૧૦૦૦ બ્રોઈલર પક્ષીના ફાર્મની સ્થાપના માટે સહાયની યોજના અંતર્ગત આપવામાં આવેલ મંજુરી અન્વયે શ્રી__________________________ ________________ ગામ________________ તા.________________ જી................................ દવારા યોજનાના ઢાંચા મુજબ મરઘાં ફાર્મ શેડના બાંધકામની કામગીરી તેમજ ઇલેકટ્રીક બ્રુડર, ચીક ફીડર, ચીક ડ્રીન્કર, એડલ્ટ ફીડર, એડલ્ટ ડ્રીન્કરની ખરીદી નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરેલ છે અને કામગીરી પૂર્ણ કરી લાભાર્થીએ GI tagging photograph (અક્ષાંશ/રેખાંશ સાથેનો) ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક/જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર .................... ખાતે તા. ____________ રોજ રજૂ કરેલ છે.

તેની સ્થળ ચકાસણી કરતાં યોજના હેઠળની તમામ શરતો અને બોલીઓ અનુસાર બરાબર જણાય છે.

સ્થળ :

તારીખ : / /

નાયબ / મદદનીશ પશુપાલન નિયામક,

ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક/જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર ....................

**-: ભાગ-૬ (યોજના હેઠળ સહાયની રકમ ચૂકવવા માટેનો આદેશ/હુકમ) (Payment Order-1):-**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી…………………………………………………. ગામ………………………… તા..........................જી........................ની અનુસુચિત જન.જાતિના લાભાર્થીઓ માટે ૧૦૦૦ બ્રોઈલર પક્ષીના ફાર્મની સ્થાપના માટે સહાયની યોજના હેઠળ સહાયની માંગણી મુજબની અરજી સબબ તમામ વિગતો ચકાસવામાં આવી છે અને આ અગાઉ સદરહું યોજના કે સંલગ્ન સમાન હેતુવાળી અન્ય કોઈ યોજનામાં લાભ લીધેલ નથી તેમજ પ્રથમ તબક્કા( અનાવર્તક ખર્ચ) પેટે સહાય મેળવવા માટે રજૂ થયેલ દાવો સહાય ચૂકવવા પાત્ર હોઈ નિયમાનુસાર પ્રથમ તબક્કા( અનાવર્તક ખર્ચ) પેટેની યોજનાકીય સહાય રૂા.___________/-(અંકે

રૂપિયા ________________પૂરા) સહાય સ્વરૂપે મંજૂર કરવામાં આવે છે. જે સહાયની રકમ લાભાર્થીના______________બેન્કના બેન્ક એકાઉન્ટ નંબર ____________ માં DBT થી જમા કરાવવા આદેશ કરવામાં આવે છે.

સ્થળ :

તારીખ : / /

નાયબ / મદદનીશ પશુપાલન નિયામક,
ધનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક/જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર ....................

.......................................................................................................................................................

**ભાગ-૭ Claim Submit -2**

.......................................................................................................................................................

**-: ભાગ-૮ ચકાસણી પત્ર -૨ (Verification-2):-**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે અનુસુચિત જન.જાતિના લાભાર્થીઓ માટે ૧૦૦૦ બ્રોઈલર પક્ષીના ફાર્મની સ્થાપના માટે સહાયની યોજના અંતર્ગત આપવામાં આવેલ મંજુરી અન્વયે શ્રી_______________________________________ ગામ________________ તા.________________ જી................................ દવારા બીજા તબક્કાની કામગીરી અન્વયે યોજનાના ઢાંચા મુજબ ત્રણ બેચ/ચક્રની કામગીરી પૂર્ણ કરેલ છે અને તેની સ્થળ ચકાસણી કરતાં યોજના હેઠળની તમામ શરતો અને બોલીઓ અનુસાર બરાબર જણાય છે.

**-: ભાગ-૯ (યોજના હેઠળ સહાયની રકમ ચૂકવવા માટેનો આદેશ/હુકમ) (Payment Order-2):-**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી…………………………………………………. ગામ…………………………… તા..........................જી........................ની અનુસુચિત જન.જાતિના લાભાર્થીઓ માટે ૧૦૦૦ બ્રોઈલર પક્ષીના ફાર્મની સ્થાપના માટે સહાયની યોજના હેઠળ સહાયની માંગણી મુજબની અરજી સબબ તમામ વિગતો ચકાસવામાં આવી છે અને આ અગાઉ સદરહું યોજના કે સંલગ્ન સમાન હેતુવાળી અન્ય કોઈ યોજનામાં લાભ લીધેલ નથી તેમજ બીજા તબક્કાની કામગીરી અન્વયે યોજનાના ઢાંચા મુજબ ત્રણ બેચ/ચક્રની કામગીરી પૂર્ણ કરેલ હોઇ સહાય મેળવવા માટે રજૂ થયેલ દાવો સહાય ચૂકવવા પાત્ર હોઈ નિયમાનુસાર બીજા તબક્કાની ત્રણ બેચ/ચક્રની યોજનાકીય સહાય રૂ.____________/-(અંકે રૂપિયા _______________ પૂરા) સહાય સ્વરૂપે મંજૂર કરવામાં આવે છે. જે સહાયની રકમ લાભાર્થીના______________બેન્કના બેન્ક એકાઉન્ટ નંબર ____________ માં DBT થી જમા કરાવવા આદેશ કરવામાં આવે છે.

સ્થળ :

તારીખ : / /

નાયબ / મદદનીશ પશુપાલન નિયામક,
ધનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક/જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર ....................

**પરિશિષ્ટ-૪**

**૧૦૦૦ બ્રોઇલર પક્ષી ફાર્મના બાંધકામ માટે ડીપલીટર હાઉસનો નમૂનારૂપ ઢાંચો**

**જગ્યા ફાળવણી:**

- મુખ્ય મરઘાંઘરના વિસ્તાર માટે પક્ષી રાખવાની જગ્યા: ૧,૦૦૦ પક્ષીઓ x ૧.૦ ચોરસ ફૂટ પ્રતિ પક્ષી = ૧,૦૦૦ ચોરસ ફૂટ
- સહાયક વિસ્તારોમાં સ્ટોર રૂમ તથા અન્ય જગ્યા
- ફીડ અને સાધનો સંગ્રહ: ૨૦૦ ચોરસ ફૂટ

- લેબર પ્રવેશ અને અન્ય જગ્યા: ૨૦૦-૩૦૦ ચોરસ ફૂટ
- બાયોસીક્યુરીટી (ફૂટ બાથ અને જીવાણુ નાશકક્રિયા ઝોન): ૫૦-૧૦૦ ચોરસ ફૂટ

ફાર્મ ડાયમેન્શન:

- કુલ ફ્લોર એરિયા: ૧,૫૦૦ ચોરસ ફૂટ
- ૫૦ ફૂટ x ૩૦ ફૂટ (લંબાઈ x પહોળાઈ) અથવા ૬૦ ફૂટ x ૨૫ ફૂટ
- લંબાઈવાળા ભાગની દિવાલની ઊંચાઈ: ૨-૩ ફૂટ મજબૂત દિવાલ, દિવાલ ઉપર હવા ઉજાસ માટે ષટાકોણ આકારની કે ચેઇન જાળી ૮ ફૂટ સુધી લગાવવી.
- લંબાઇવાળા ભાગની દિવાલની જાડાઇ: ૯ ઇંચ રાખવી.
- પહોળાઇ વાળા ભાગની દિવાલ મુખ્ય દિવાલ હોઇ ૯ થી ૧૪ ઈંચની જાડાઇમાં રાખવી.
- છતની ઊંચાઈ: ૧૧-૧૨ ફૂટ મધ્યમાં, બાજુઓ પર ૯ ફૂટ સુધી ઢાળવાળી. અનુકુળતા મુજબ છાપરા માટે એસ્બેસ્ટોસ સીમેન્ટ સીટ, એલ્યુમીનીયમ શીટ કે ગેલ્વેનાઇઝ લોખંડના પતરાં વાપરવા. છાપરુ પૂરતા ઢાળવાળુ અને છજા સાથે રાખવું. જીવ જંતુ પ્રવેશ ન કરે તે માટે દીવાલ જાળી અને છાપરા વચ્ચે કોઇ પણ પ્રકારની જગ્યા-ગેપ ન રહે તેની તકેદારી રાખવી.

ભોંયતળીયુ:

- તળીયાનો ભાગ બરાબર પૂરાણ કરી દબાણ કરી (દબાવી) તેની ઉપર સીમેન્ટ પ્લાસ્ટર કરવુ.
- તળીયુ સપાટ અને સહેલાઇથી સાફ થઇ શકે તથા પાણીનો નિકાલ થઇ શકે તેવુ હોવુ જોઇએ.
- પાણીના નિકાલ માટે તળીયુ આજુ-બાજુની જમીનથી ૨ થી ૩ ફુટ ઉંચુ રાખવુ જોઇએ.

ફાર્મ ડિઝાઇન અને લેઆઉટ :

- કુદરતી પ્રકાશ અને હવા પ્રવાહ માટે મરઘાં ઘરનુ બાંધકામ પૂર્વ પશ્ચિમ દીશામાં રાખવુ.
- હવા ઉજાસ માટે રોલ-અપ પડદા વાપરવા.
- વાતાવરણના આધારે એકજોસ્ટ પંખા અથવા કુદરતી વેન્ટીલેશન વિકલ્પો રાખવા.

આંતરિક વિભાગો:

- બ્રૂડિંગ એરિયા (જગ્યાનો 30%): પ્રારંભિક તબક્કા દરમિયાન બચ્ચાઓ માટે વિભાજિત.
- જગ્યા : 15 ફુટ x 20 ફુટ હીટિંગ લેમ્પ્સ અથવા બ્રૂડર્સથી સજ્જ.
- ગ્રોવીંગ વિસ્તાર: ૩ અઠવાડિયા પછી પક્ષીઓ માટે મુખ્ય રહેઠાણ વિસ્તાર.
- જગ્યા: ૩૫ ફુટ X ૩૦ ફુટ

ખોરાક અને પાણી આપવાની વ્યવસ્થા:

- ફીડર: 20 ટ્યુબ અથવા પાન ફીડર (50 પક્ષીઓ દીઠ 1 ફીડર) ભીડ ટાળવા માટે સમાનરૂપે વિતરિત.
- ડ્રીન્કર: 20 ડ્રીન્કર (ઓટોમેટિક અથવા મેન્યુઅલ) વ્યૂહાત્મક રીતે મૂકવા.

વધારાની સુવિધાઓ:

- ફીડ સ્ટોરેજ રૂમ: 200 ચોરસ ફૂટ, સરળ પ્રવેશ માટે એક ખૂણા પર રાખવુ.
- લેબર આરામ વિસ્તાર: 50 ચોરસ ફૂટ, મૂળભૂત સુવિધાઓ સાથે.
- જીવાણુ નાશકક્રિયા વિસ્તાર: પગ સ્નાન, હાથ સેનિટાઇઝર માટે

જૈવિક કચરાનું વ્યવસ્થાપન:

- ડ્રેનેજ સિસ્ટમ: કચરા અને વરસાદી પાણીનું સંચાલન કરવા માટે પેરિફેરી ડ્રેઇન.
- ખાતર ખાડો: ચેપ અને અન્ય રોગચાળો ઘટાડવા માટે મરઘાં ફાર્મથી ઓછામાં ઓછા 50 ફુટ દૂર રાખવો.

અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓ માટે ૧૦૦ બ્રોઈલર પક્ષીના એકમની સ્થાપના પર સહાયની યોજનાની સુચિત શરતો અને બોલીઓ

1. આ યોજનાનો લાભ ગુજરાત રાજ્યના અનુસુચિત જનજાતિના લાભાર્થીઓને જ આપવાનો રહેશે તથા એક કુટુબના એક જ સભ્યને આજીવન એક જ વખત લાભ આપી શકાશે.
2. લાભાર્થીએ જાતિ અંગેના પ્રમાણપત્રો અરજી સાથે રજુ કરવાના રહેશે.
3. લાભાર્થીએ ચાલુ વર્ષ અથવા અગાઉના વર્ષમાં કોઈપણ સંસ્થામાથી મરઘાંપાલનની તાલીમ મેળવેલ હોવી જોઇએ.
4. લાભાર્થી પોતાની માલીકીની જમીન(૭-૧૨ અને ૮-અ),વારસાઈ હક્ક અથવા ભોગવાટાની જમીનના આધાર પુરાવા રજુ કરવાના રહેશે. તદ્દપરાંત લાભાર્થી જમીન ધરાવતા ન હોય તો ભાડાની જમીનમાં ઓછા માં ઓછા ૫ વર્ષના ભાડા કરાર ઉપર પણ મરઘાં ફાર્મશેડ નું બાંધકામ કરી શકશે.
5. લાભાર્થીની પસંદગી I-KHEDUT પૉર્ટલ ઉપર ઓનલાઈન આવેલ અરજીમાંથી કરવાની રહેશે.
6. લાભાર્થીઓની અરજીઓની પાત્રતા, પૂર્વમંજૂરી અને નાણાંકીય સહાયના ચુકવણાની કામગીરી સબંધિત ધનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક/ જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્રએ કરવાની રહેશે.
7. આ યોજના હેઠળ લાભાર્થીએ ૧૦૦ બ્રોઇલર પક્ષીના બચ્ચાં, જરૂરી મરઘા આહાર, ખોરાક તથા પાણીના સાધનો લાભાર્થીએ લાવવાના રહેશે.
8. આ યોજના હેઠળ ખરેખર થયેલ ખર્ચ ના ૭૫% સહાય રૂ.૩૬૦૦૦/- ની મર્યાદામાં લાભાર્થીના બેન્ક એકાઉન્ટમાં સહાય પેટે જમા કરાવવાના રહેશે.
9. સરકારી અધિકારી જ્યારે ફાર્મની મુલાકાત લે ત્યારે આવક-ખર્ચનો હિસાબ બતાવવાનો રહેશે. યુનિટના પક્ષીઓમાં રસીકરણ સમયસર કરાવવાનુ રહેશે.
10. યુનિટના પક્ષી બિમાર પડે કે તરત જ ઘટકના અધિકારીની સારવાર મેળવવાની રહેશે.
11. લાભાર્થીએ પક્ષી યુનિટ સાથે પોતાનો ફોટો પડાવીને ઘટકને આપવાનો રહેશે.
12. સદરહુ બ્રોઇલર પક્ષીનુ એકમ ઓછામાં ઓછા બે વર્ષ સુધી નિભાવવાનુ રહેશે અને વાર્ષિક ઓછામાં ઓછા બે ચક્રો મુજબ બે વર્ષમાં ચાર ચક્રો લેવાના રહેશે. જે પૈકી સહાય પ્રથમ ચક્ર પર જ આપવામાં આવશે.

13. આ યોજના હેઠળ એકમ સ્થાપના (૧૦૦ ચો.ફુ. બાંધકામ + પક્ષી ખરીદી + સાધન ખરીદી + આહાર) માટેની સમયમર્યાદા ૬૦ દિવસની રહેશે. પરંતુ જો લાભાર્થી પૂર્વમંજૂરી મળ્યાના ૩૦ દિવસની અંદર બાંધકામની કામગીરી શરૂ કરવામાં નિષ્ફળ જાય તો સંબંધિત ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક/જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્રના અધિકારીશ્રીએ લાભાર્થીની અરજી રદ કરી અન્ય સક્ષમ લાભાર્થીને લાભ આપવા માટે જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.
14. નાણાંનું ચુકવણુ લાભાર્થીના આધાર લીંક બેન્ક એકાઉન્ટમાં Direct Benefit Transfer Scheme મારફતે કરવાનું રહેશે.
15. લાભાર્થી મરઘાં ફાર્મ બાંધકામની મજુરી (Labour Component) માટે સહાય જો ઇચ્છે તો મનરેગામાંથી સંબંધિત જિલ્લા ગ્રામ વિકાસ કચેરીમાં દાવો રજુ કરી શકશે.
16. સદરહું યોજનાના અમલીકરણ જીવંત પક્ષીઓ સાથે સંકળાયેલ હોય સંબંધિત વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામકશ્રીની પૂર્વ મંજુરી મેળવી યોજનાની ગ્રાન્ટ ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક/જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્રના PLA એકાઉન્ટનો ઉપયોગ કરી ખર્ચ કરી શકાશે.

**<u>૧૦૦ બ્રોઇલર પક્ષીના એક એકમના ખર્ચની વિગતો તથા ઢાંચો</u>**

(રકમ રૂપિયામાં)

| ક્રમ | ખર્ચની વિગત | અનાવર્તક ખર્ચ | આવર્તક ખર્ચ | કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| ૧ | ૧૦૦ ચો.ફુટ (૧૦X૧૦) શેડ બાંધકામ | ૨૬૦૦૦.૦૦ | - | ૨૬૦૦૦.૦૦ |
| ૨ | સાધન પક્ષી | ૩૦૦૦.૦૦ | - | ૩૦૦૦.૦૦ |
| ૩ | એક દિવસના બચ્ચા ખરીદી | - | ૩૫૦૦.૦૦ | ૩૫૦૦.૦૦ |
| ૪ | મરઘાં આહાર | - | ૧૪૪૦૦.૦૦ | ૧૪૪૦૦.૦૦ |
| ૫ | પાણી, વિજળી, દવા, મજુરી તમામ અન્ય પરચુરણ ખર્ચ | - | ૧૧૦૦.૦૦ | ૧૧૦૦.૦૦ |
| | કુલ | ૨૯૦૦૦.૦૦ | ૧૯૦૦૦.૦૦ | ૪૮૦૦૦.૦૦ |

આમ, ૧૦૦ બ્રોઇલર પક્ષીના ફાર્મ માટે કુલ રૂ. ૪૮૦૦૦/- ના ખર્ચની સામે સહાયના ૭૫% ધોરણ અનુસાર લાભાર્થી દીઠ રૂ. ૩૬૦૦૦/- ની નાણાકીય સહાય ચુકવવામાં આવશે.

## <u>પરિશિષ્ટ-૫</u>

**<u>આઈ ખેડૂત પોર્ટલ પર અમલીકરણ અંગેના નિયત નમૂના</u>**

**ભાગ-૧ (અરજીનો નમૂનો)**

| | | |
|---|---|---|
| યોજનાનું નામ | : | અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓ માટે ૧૦૦ બ્રોઈલર પક્ષીના એકમની સ્થાપના પર સહાય યોજના |
| અમલીકરણ એજન્સી | : | ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક/જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર |

નામ:-

ગામ:- તાલુકો : જિલ્લો :

તારીખ:- / /

પ્રતિ,

**નાયબ / મદદનીશ પશુપાલન નિયામકશ્રી,**
**ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક / જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર ,...............**

વિષય:- અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓ માટે ૧૦૦ બ્રોઈલર પક્ષીના એકમની સ્થાપના પર સહાય યોજના માટે સહાય મેળવવા અરજી કરવા બાબત.

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે હું નીચે સહી કરનાર ...............................................................ગામ:.....................તાલુકો.................જિલ્લો............ ની રહેવાસી છું. મારી પાસે પોતાની માલિકીની જમીન / વારસાઈ હક અથવા ભોગવટાની જમીન / ભાડા કરાર પરની જમીન ............................................................. ગામ:..................... તાલુકો............................ જિલ્લો........................ ખાતે છે. જેના પર અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓ માટે ૧૦૦ બ્રોઈલર પક્ષી એકમ સહાયની યોજના અંતર્ગત સહાય મેળવવા માંગુ છું. મારો બારકોડેડ રેશનકાર્ડ નં....…………………………..છે,મારો...........................બેંકમાં ખાતાનંબર………………………….. (બેંક એકાઉન્ટ નંબર)છે તથા મારો મોબાઇલ નંબર...................................છે. હું ............ અનુસુચિત જન જાતિનો લાભાર્થી છુ. મારી આજરોજ ઊંમર ............ વર્ષ છે.

હું પશુપાલન ખાતાની અનુસુચિત જનજાતિના લોકો માટે ૧૦૦ બ્રોઈલર પક્ષી એકમ સ્થાપના સહાય મેળવવા અરજી કરું છું. જે માટે અરજી સાથે નીચે જણાવેલ દસ્તાવેજો/દાખલા સામેલ રાખી સાદર કરેલ છે. તેમજ યોજના હેઠળની તમામ શરતો અને બોલીઓથી હું વાકેફ છું. તો અરજી મંજુર રાખવા વિનંતિ છે.

હું મારો આધાર નંબર આપના ખાતાની યોજના અંતર્ગત મળવાપાત્ર યોજનાકીય લાભો મેળવવાના તથા રજિસ્ટ્રેશન કરાવવાના હેતુસર આપના ખાતા દ્વારા ઉપયોગમાં લેવા અંગે સંમતિ આપુ છું.

અરજીકર્તાની સહી.......

**<u>સામેલ:</u>**

૧. બારકોડેડ રેશનકાર્ડની નકલ (અરજી સાથે રજૂ કરવું)

૨.જન્મ તારીખ સાથેના સરકાર માન્ય ફોટાવાળા ઓળખપત્રની નકલ (આધાર કાર્ડ/મતદાર ઓળખકાર્ડ/ડ્રાઈવિંગ લાયસન્સ/પાસપોર્ટ)

૩. બેંક પાસબુકની નકલ અથવા રદ કરેલ ચેક

૪. આધાર કાર્ડની નકલ

૫. જાતિ અંગેનું સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર

૬. પોતાના માલિકીના જમીનના (૭-૧૨ અને ૮-અ), વારસાઈ હક અથવા ભાગવટાના જમીનના આધાર પુરાવા / જો લાભાર્થી જમીન ધરાવતા ન હોય તો ભાડાના જમીનમાં ઓછામાં ઓછા પાંચ (૫) વર્ષના ભાડા કરાર

૭. પોતાની માલિકીની જમીનના (૭-૧૨ અને ૮-અ) અથવા પાંચ વર્ષ કે તેથી વધુ સમય માટે ભાડા પટ્ટે લીધેલ જમીનના આધાર

૮. જે જગ્યા પર મરઘાં પક્ષીના એકમની સ્થાપના કરવાની હોય તે જગ્યાનો GI tagging photograph (અક્ષાંશ/રેખાંશ સાથેનો) – કોઈ પણ જાતના બાંધકામ વગરનો

નોધ : અરજદારે સહી કરેલ અરજી અને અરજીમાં દર્શાવેલ સ્વપ્રમાણિત દસ્તાવેજો જે તે: ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક/જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર ખાતે આપવાના રહેશે.

**ભાગ-૨ યોજના હેઠળની સહાયની અરજી માટે પાત્રતા ભલામણ**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે અરજદાર ____________________________ ________________ ગામ________________ તા.________________ જી................................ની અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓ માટે ૧૦૦ બ્રોઈલર પક્ષી એકમ સ્થાપના સહાયની યોજના હેઠળ અરજી સબબ તમામ વિગતો ચકાસવામાં આવી છે. આ અગાઉ સંદરહુ યોજના કે સરકારશ્રીની સંલગ્ન સમાન હેતુવાળી અન્ય કોઈ યોજનામાં અરજીકર્તાએ લાભ લીધેલ નથી અને યોજનાના ઠરાવની શરતો-બોલીઓ મુજબ અરજદાર સહાય મેળવવા પાત્રતા ધરાવે છે / ધરાવતા નથી (પાત્રતા ધરાવતા ન હોય તેવા કિસ્સામાં કારણો).

સ્થળ નાયબ/મદદનીશ પશુપાલન નિયામક

તારીખ: / / ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક / જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર ,...............

**-: ભાગ-૩ (યોજના હેઠળની સહાયની અરજી મંજૂર કર્યાનો આદેશ/હુકમ):-**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે અરજદાર____________________________ ________________ ગામ________________ તા.________________ જી................................ની અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓ માટે ૧૦૦ બ્રોઈલર પક્ષી એકમ સ્થાપના એકમ માંગણી મુજબની અરજી સબબ તમામ વિગતો ચકાસવામાં આવી છે અને તેઓ સહાય મેળવવા પાત્રતા ધરાવતા હોઈ તેઓની અરજી મંજુર કરવામાં આવે છે.

સ્થળ નાયબ/મદદનીશ પશુપાલન નિયામક

તારીખ: / / ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક / જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર ,...............

**-: ભાગ-૪ ચકાસણી પત્ર : (Verification)**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓ માટે ૧૦૦ બ્રોઈલર પક્ષી એકમ સ્થાપના સહાયની યોજના અંતર્ગત આપવામાં આવેલ મંજુરી અન્વયે ____________________________________________ ગામ________________ તા.________________ જી................................ દવારા યોજનાની શરતો-બોલીઓ તેમજ નિયત ઢાંચા મુજબ યુનિટ સ્થાપના/ખરીદી નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરેલ છે અને કામગીરી પૂર્ણ કરી લાભાર્થીએ GI tagging photograph (અક્ષાંશ/રેખાંશ સાથેનો) નાયબ /મદદનીશ પશુપાલન નિયામક/જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર .................. ખાતે તા. _____________ રોજ રજૂ કરેલ છે. તેની સ્થળ ચકાસણી કરતાં યોજના હેઠળની તમામ શરતો અને બોલીઓ અનુસાર બરાબર જણાય છે.

સ્થળ નાયબ/મદદનીશ પશુપાલન નિયામક

તારીખ: / / ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક / જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર ,...............

**ભાગ-૫ યોજના હેઠળ સહાયની રકમ ચુકવવા માટેનો આદેશ.**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓ માટે ૧૦૦ બ્રોઈલર પક્ષી એકમ સ્થાપના સહાયની યોજના અંતર્ગત આપવામાં આવેલ મંજુરી અન્વયે ____________________________________________ ગામ________________ તા.________________ જી................................ દ્વારા યોજનાની શરતો-બોલીઓ તેમજ નિયત ઢાંચા મુજબ યોજનાના ૧૦૦ બ્રોઈલર પક્ષી યુનિટ સ્થાપના/ખરીદી નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરેલ છે અને રજૂ થયેલ દાવો સહાય ચૂકવવા પાત્ર હોઈ નિયમોનુસાર યોજનાકીય સહાય રૂા.................. (અંકે રૂપિયા પૂરા) સહાય સ્વરૂપે મંજૂર કરવામાં આવે છે. જે સહાયની રકમ લાભાર્થીના________________બેન્કના બેન્ક એકાઉન્ટ નંબર _____________ માં DBT થી જમા કરાવવા આદેશ કરવામાં આવે છે.

**આઈ ખેડૂત પોર્ટલ ઉપર સહાયકારી યોજનામાં અમલવારીની શરતો**

૧ મરઘાં પાલન તાલીમ સ્ટાઈપેન્ડ, ૧૦૦૦ બ્રોઈલર પક્ષી એકમ સહાય તેમજ ૧૦૦ બ્રોઇલર પક્ષીના ફાર્મની સ્થાપના માટેની સહાયનો લાભ મેળવવા લાભાર્થીએ I –khedut પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

૨ આઈ ખેડૂત પોર્ટલમાં લાભાર્થી ઓન લાઈન અરજીમાં આધાર અને મોબાઈલ નંબર આપી પોતાનું રજીસ્ટ્રેશન કરાવી શકે છે.

૩ લાભાર્થીએ ઓનલાઈન અરજીની પ્રિન્ટ આઉટ સાથે બિડાણ માટેના સાધનિક દસ્તાવેજો /દાખલાઓ સ્કેન કરી ઓનલાઈન આઈ-ખેડૂત પોર્ટલ ઉપર એટેચ કરી શકે છે અથવા ઓનલાઈન અરજીની પ્રિન્ટ આઉટ સાથે બિડાણ કરી અરજી પર દર્શાવેલ કચેરીના સરનામે નિયત સમય મર્યાદામાં (૭ દિવસ) રજુ કરવાના રહેશે.

૪ નિયત સમયમર્યાદામાં મળેલ અરજીઓને આઈ ખેડૂત પોર્ટલ પર ઓન લાઈન પાત્રતા મળ્યા બાદ એલીજીબલ થયેલ અરજીઓની સંખ્યાના આધારે તથા જેતે જીલ્લાના ભૌતિક લક્ષ્યાંક ની મર્યાદાને ધ્યાને લઈ પશુપાલન નિયામકશ્રી દ્વારા નિયત કરેલ પદ્ધતિ થી આઇ-ખેડુત પોર્ટલ ઉપર સંબધિત ઘટક અધિકારીશ્રી દ્વારા પાત્રતા ધરાવતી અરજીઓને પુર્વ મંજુરી આપવામાં આવશે

૫. લાભાર્થીએ ઓનલાઈન અરજીની પ્રિન્ટ આઉટ સાથે બારકોડેડ રેશનકાર્ડ તથા આધાર કાર્ડની નકલ
(અરજીમાં આધાર નંબર રજુ કર્યો હોયતો ) રજુ કરવાની રહેશે.

સ્થળ નાયબ/મદદનીશ પશુપાલન નિયામક

તારીખ: / / ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક / જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર ,...............

(પ્રિયંકા ચૌધરી)
સેકશન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ.

Signature Not Verified
Signed by:priyanka chaudhary
Section Officer
Date:2026.04.01
18:09:43 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign